# ✻ અભ્યાસ 4 - સંસ્કૃતસાહિત્યનો પરિચય ✻

**1. ગૃહ્યસૂત્ર સામાન્ય પરિચય**

ધોરણ અગિયારમાં તમને વૈદિકસાહિત્યનો થોડો પરિચય થયો છે. ત્યાં તમે વેદસંહિતાઓના પરિચયની સાથે સાથે વેદાંગસાહિત્યનો પણ નામતઃ પરિચય કર્યો છે. એ માહિતીને સ્મરણમાં લઈને હવે અહીં વૈદિકસાહિત્યનો થોડો વધારે પરિચય મેળવીશું.

વૈદિકસાહિત્યમાં વેદ નામના એક પુરુષની કલ્પના કરવામાં આવી છે. એ પછી (જેમ માણસને પોતાની રક્ષા માટે મુખ, નાસિકા, નેત્ર, શ્રોત્ર (કાન), હસ્ત અને પાદ - જેવાં અંગો છે, તેમ) આ વેદ પુરુષની રક્ષા માટે (નાસિકા તરીકે) શિક્ષા, (હસ્ત તરીકે) કલ્પ, (મુખ તરીકે) વ્યાકરણ, (શ્રોત્ર તરીકે) નિરુક્ત, (પાદ તરીકે) છંદ અને (નેત્ર તરીકે) જ્યોતિષ - એમ કુલ છ અંગો (અર્થાત્ વેદાંગો)ની રચના કરવામાં આવી છે, એમ મનાય છે. આમાંથી જે કલ્પ નામનું વેદાંગ છે, તેનો અહીં સંક્ષેપમાં પરિચય કરીશું.

કલ્પશાસ્ત્રનો પરિચય આપતાં કહેવાયું છે કે कल्पो वेदविहितानां कर्मणाम् आनुपूर्वेण कल्पनाशास्त्रम्। અર્થાત્ વેદમાં કહેલાં કર્મોને અનુક્રમે જ્યાં કલ્પિત કરવામાં આવ્યાં છે, તે કલ્પનાશાસ્ત્ર એ 'કલ્પ' છે. આશય એ છે કે વેદોક્ત કર્મોને કેવી રીતે કરવાનાં છે, એનું ક્રમપૂર્વકનું આયોજન વિચારવાનું કાર્ય આ કલ્પશાસ્ત્રનો વિષય છે. આના ચાર ભાગ છે - 1. શ્રૌતસૂત્ર 2. ગૃહ્યસૂત્ર 3. ધર્મસૂત્ર અને 4. શુલ્વસૂત્ર.

આમાંથી જે 1. શ્રૌતસૂત્ર છે, તેમાં પ્રતિદિન કરવામાં આવતા અગ્નિહોત્રથી લઈને અમુક વિશેષ નિમિત્તે કરવાના થતા યજ્ઞો કેવી રીતે કરવા, એ બતાવવામાં આવ્યું છે. 2. ગૃહ્યસૂત્રમાં દરેક ગૃહસ્થે ઘરમાં જે જે ધાર્મિક ક્રિયાઓ કરવાની હોય છે, તેમનો અને સંસ્કારવિધિના વિધિ-વિધાનોનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે. 3. ધર્મસૂત્રમાં સમાજ અને રાજ્યને લગતા વિધિ-નિયમ (કાયદા કાનૂન)ને લગતી બાબતોનું વર્ણન છે. આને આચારશાસ્ત્ર પણ કહે છે. આમાં માણસનાં વ્યક્તિગત કર્મો અને સામાજિક કર્તવ્યોને લગતી બાબતોનો નિર્દેશ છે. (આ ધર્મસૂત્રોના આધારે સમય જતાં સ્મૃતિશાસ્ત્રોની રચના થઈ છે.) 4. શુલ્વસૂત્ર એક રીતે તો ગણિતશાસ્ત્રીય વૈજ્ઞાનિક ગ્રંથ છે. આમાં યજ્ઞકુંડ અને યજ્ઞશાળા બનાવવા માટે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું છે. આ સંદર્ભે અહીં જ્યામિતિશાસ્ત્રને લગતાં અનેક પ્રમેયો પણ આપવામાં આવ્યાં છે.

આમાંથી ગૃહ્યસૂત્રસાહિત્ય અનેક કારણોથી મહત્ત્વનું છે. જેમ કે - 1. આ ગૃહ્યસૂત્રોનો સંબંધ ગૃહસ્થજીવન સાથે છે. પ્રત્યેક માણસનો ગૃહસ્થજીવનનો કાળ માતા-પિતારૂપી પૂર્વજો અને સંતાનરૂપી અનુજોની સાથે જોડાયેલો છે. તેથી એક રીતે તો આ એક પેઢીની સાથે નહીં, પરંતુ એકી સાથે ત્રણ ત્રણ પેઢી સાથે જોડાયેલો જીવનનો ઉત્તમ કાળ હોય છે. સ્વાભાવિક છે આ કાળમાં કરવાનાં થતાં કાર્યો પણ ઉપર્યુક્ત ત્રણેય પેઢી સાથે સંકળાયેલાં હોય છે. 2. માનવના આત્માનો પરિષ્કાર કરવા માટે પ્રચલિત બનેલા સોળ સંસ્કારોનું વિધિ-વિધાન પણ આ ગૃહ્યસૂત્રનો વિષય છે. 3. વિવાહ, ઉપનયન અને અંત્યેષ્ટિ જેવી ક્રિયાઓમાં આજે પણ જે એકરૂપતા દેખાય છે, તે આ ગૃહ્યસૂત્રોના પ્રતાપે છે.

વૈદિકસાહિત્યના (કલ્પશાસ્ત્રના) ભાગરૂપ આ ગૃહ્યસૂત્રોનું સાહિત્ય ઘણું વિસ્તૃત છે. આજે ઋગ્વેદનાં ત્રણ, યજુર્વેદનાં એક વત્તા નવ, સામવેદનાં પાંચ અને અથર્વવેદનું એક - એમ કુલ મળીને ઓગણીસ ગૃહ્યસૂત્રો ઉપલબ્ધ છે. આમાં સૌથી વધારે પ્રસિદ્ધિ આશ્વલાયન અને પારસ્કર ગૃહ્યસૂત્રની છે. આશ્વલાયન ગૃહ્યસૂત્રને પ્રાચીનતમ માનવામાં આવે છે. આના રચયિતા આચાર્ય આશ્વલાયન છે. આમાં ખૂબ જ સરળ રીતે સંસ્કારોનો વિધિ ઉપદેશવામાં આવ્યો છે. પારસ્કર ગૃહ્યસૂત્રના રચયિતા આચાર્ય પારસ્કર છે. એનો રચનાકાળ ઈ. પૂર્વે બીજી શતાબ્દીનો મનાય છે. આમાં ત્રણ કાંડ છે. દરેક કાંડનું આંતરિક વિભાજન કંડિકાઓમાં છે. ત્રણેય કાંડમાં મળીને કુલ એકાવન કંડિકાઓ છે.

**2. રામાયણ પરિચય**

**सदूषणापि निर्दोषा सखरापि सुकोमला।**

**नमस्तस्मै कृता येन रम्या रामायणी कथा॥**

અર્થાત્ જે દૂષણ (આ નામનો રાક્ષસ અહીં પાત્ર તરીકે) હોવા છતાં પણ (સદોષ નહીં, પરંતુ) નિર્દોષ છે. ખર

(આ નામનો રાક્ષસ અહીં પાત્ર તરીકે) હોવા છતાં પણ (ખર એટલે કે કઠોર નહીં, પરંતુ) સુકોમળ છે. આવી રમણીય રામાયણ કથા કરનારને અમારાં નમન હો.

આ શ્લોકમાં જેની કીર્તિ ગવાયેલી છે તે રમ્યા રામાયણી કથા એટલે મહર્ષિ વાલ્મીકિ દ્વારા વિરચિત रामायणम्. રામાયણને સંસ્કૃતસાહિત્યનું આદિકાવ્ય અને તેના કર્તા મહર્ષિ વાલ્મીકિને આદિકવિ તરીકે ઓળખવામાં આવે છે. એમ કહેવાય છે કે શિકારીના બાણથી વીંધાયેલ ક્રૌંચ (નર) પક્ષીને માટે વિલાપ કરતી ક્રૌંચ(માદા)ને જોઈને વાલ્મીકિને શોકનો અનુભવ થયો, અને આ શોક એમના મુખમાંથી શ્લોકરૂપે સરી પડ્યો. આ શોકના શ્લોકત્વને પામવાની ઘટના રામાયણની રચનાનું પ્રેરણાસ્થાન છે. (मा निषाद प्रतिष्ठां त्वमगमः शाश्वतीः समाः। यत्क्रौञ्चमिथुनादेकमवधीः काममोहितम्॥ અર્થાત્ હે શિકારી ! તું અનંત વર્ષો સુધી શાંતિ કે સ્થિરતા પામી શકીશ નહીં કારણ કે તેં ક્રૌંચ પક્ષીના યુગલમાંથી કામ-મોહિત એવા એકને હણી નાંખ્યું છે.)

રામાયણ એ રામના અયન - ગતિને કે જીવનને નિરૂપતી કૃતિ છે. તેમાં સાત કાંડ છે - બાલકાંડ, અયોધ્યાકાંડ, અરણ્યકાંડ, કિષ્કિંધાકાંડ, સુંદરકાંડ, યુદ્ધકાંડ અને ઉત્તરકાંડ. આ સાત કાંડમાં કુલ મળીને ચોવીસ હજાર શ્લોકો-પદ્યો આવેલાં છે. આનો રચનાકાળ ઈ.સ. પૂર્વે પાંચસો વર્ષથીય પ્રાચીન માનવામાં આવે છે.

**રામાયણનું સંક્ષિપ્ત કથાવસ્તુ**

સરયૂ નદીને કાંઠે આવેલી અયોધ્યાનગરીમાં રાજા દશરથ રાજ્ય કરતા હતા. તેમને ત્રણ રાણીઓ હતી - કૌશલ્યા, સુમિત્રા અને કૈકેયી. આ ત્રણ રાણીઓથી રાજા દશરથને કુલ ચાર પુત્રો થયા. જેમાં કૌશલ્યાથી રામ, સુમિત્રાથી લક્ષ્મણ અને શત્રુઘ્ન તથા કૈકેયીથી ભરતનો સમાવેશ થાય છે.

સૌથી મોટા પુત્ર રામ પિતાની આજ્ઞાથી વિશ્વામિત્ર ઋષિના યજ્ઞનું રક્ષણ કરવા લક્ષ્મણ સહિત તેમના આશ્રમે જાય છે. અહીં તે ઋષિઓને ત્રાસ આપતા અનેક રાક્ષસોનો વધ કરે છે. આ જ સમયગાળામાં જનક રાજાની પુત્રીનો સ્વયંવર યોજાય છે. ઋષિ વિશ્વામિત્ર રામને લઈને એ સ્વયંવરમાં જાય છે. અહીં સ્વયંવરમાં શિવધનુષ્યને ઊંચકવાની શરત હોય છે. રામ પોતાના અતુલ્ય બળથી શરત જીતે છે. સીતા તેમનું વરણ કરે છે અને એ રીતે રામ-સીતાનાં લગ્ન થાય છે.

લગ્ન કરીને અયોધ્યા પાછા ફરેલા રામનો રાજ્યાભિષેક કરવાનું રાજા દશરથ વિચારે છે. આ માટેની તૈયારી ચાલતી હોય છે, ત્યાં જ કૈકેયી વરદાન માગે છે કે રામને ચૌદ વર્ષનો વનવાસ અને ભરતને રાજગાદી આપો. રાજા દશરથ દુઃખી મનથી કૈકેયીએ માંગેલા આ વરદાનનો સ્વીકાર કરે છે. એ પછી રામ પોતાની પત્ની સીતા અને નાના ભાઈ લક્ષ્મણની સાથે વનમાં જાય છે. રામના વનગમનરૂપ વિયોગથી રાજા દશરથ પ્રાણ ગુમાવે છે. મામાના ઘરે ગયેલા ભરતને પાછો બોલાવવામાં આવે છે. ભરતને રાજગાદી સોંપવામાં આવે છે, પરંતુ તે ભ્રાતૃપ્રેમનો આદર્શ બની રાજગાદી ઉપર બેસવાની ના પાડે છે. છેવટે મોટા ભાઈ રામની પાદુકાઓને રાજ્યાસન ઉપર મૂકીને તેમના વતી રાજ્યનો કાર્યભાર સંભાળે છે.

રામે વનવાસ દરમિયાન અનેક દુષ્ટ રાક્ષસોનો વધ કર્યો. તપસ્વી જીવન જીવતા રામના આ વનવાસ દરમિયાન એક દુઃખદ બનાવ બને છે. લંકાનો રાજા રાવણ કપટથી સીતાનું હરણ કરી લે છે અને લંકામાં લઈ જાય છે. રામ સુગ્રીવ, હનુમાન વગેરેની સહાયથી સમુદ્ર પર સેતુ બાંધે છે, સમુદ્રને ઓળંગી લંકામાં પ્રવેશે છે. રાવણ ઉપર વિજય મેળવી સીતાને મુક્ત કરાવે છે. આમ રામ-સીતાનું મિલન થાય છે. લંકાનું રાજ્ય રાવણના ભાઈ વિભીષણને સોંપી વનવાસનો સમય પૂરો થતાં રામ અયોધ્યા પરત આવે છે. આજ સુધી સાચવેલી રાજ્યાસનની જવાબદારીને ભરત માનભેર રીતે રામને સમર્પિત કરી દે છે. એ પછી રામ અયોધ્યાના રાજા તરીકે શાસન કરવા લાગે છે.

રાવણની લંકામાં રહેલાં સીતાનો રામે સ્વીકાર કર્યો એ વાત પ્રજામાંના કેટલાકને ગમી નહીં. તેથી રાજધર્મના પાલન માટે રામે પ્રિય પત્ની સીતાનો ત્યાગ કર્યો. આ સમયે સીતા સગર્ભા હતાં. વાલ્મીકિના આશ્રમમાં સીતાને આશ્રય મળે છે. અહીં

તેઓ લવ અને કુશ નામે બે પુત્રોને જન્મ આપે છે. બંને બાળકોની શિક્ષા-દીક્ષા વાલ્મીકિને ત્યાં જ થાય છે. અંતમાં રામે કરેલા અશ્વમેધ યજ્ઞ થકી પિતા-પુત્રોનું મિલન થાય છે અને કથા સમાપ્ત થાય છે.

રામાયણમાં આદર્શ ગૃહજીવનનું દર્શન થાય છે. દશરથના રૂપમાં પ્રેમાળ પિતા, રામના રૂપમાં આજ્ઞાકારી પુત્ર તથા આદર્શ રાજા, લક્ષ્મણ અને ભરતના રૂપમાં સ્નેહાળ ભાઈ, સીતા અને ઊર્મિલા (લક્ષ્મણનાં પત્ની)ના રૂપમાં આદર્શ પતિવ્રતા પત્ની તથા હનુમાનના રૂપમાં આદર્શ સેવક વગેરેનાં શ્રેષ્ઠ પાત્રો મહર્ષિ વાલ્મીકિએ આપ્યાં છે. સમગ્ર સંસ્કૃતસાહિત્ય ઉપર એક યા બીજી રીતે રામાયણનો પ્રભાવ જોઈ શકાય છે. સમગ્ર ભારતવર્ષમાં રામકથા ફેલાયેલી છે. એટલું જ નહીં, જાવા, સુમાત્રા, ઈન્ડોનેશિયા, શ્રીલંકા વગેરે દેશોમાં પણ આ રામકથા પહોંચી છે અને અત્યાર સુધી જળવાઈ રહી છે.

ધાર્મિક લોકો માટે રામાયણ એક ભક્તિગ્રંથ છે. આ ઉપરાંત સમગ્ર રાષ્ટ્રને નૈતિકતાનો બોધ આપતું આ એક રાષ્ટ્રીય વિરાટ કાવ્ય (Epic  એપિક) પણ છે. દેશ-વિદેશમાં ઉપલબ્ધ અનેક પ્રાચીન હસ્તલિખિત ગ્રંથોનો આધાર લઈને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરામાં આવેલા પ્રાચ્ય વિદ્યામંદિર તરફથી રામાયણની એક સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરવામાં આવી છે. સંશોધન, વિવેચન વગેરે માટે આ સમીક્ષિત આવૃત્તિને પ્રમાણભૂત માનવામાં આવે છે.

### 3. મહાભારત પરિચય

**धर्मे चार्थे च कामे च मोक्षे च भरतर्षभ।**

**यदिहास्ति तदन्यत्र यन्नेहास्ति न तत्क्वचित्॥**

અર્થાત્ ધર્મ, અર્થ કામ અને મોક્ષને વિશે જે અહીં (મહાભારતમાં) કહેવાયું છે, તે જ અન્યત્ર હશે અને જે અહીં કહેવાયું નથી, તે અન્યત્ર ક્યાંય પણ નહીં હોય. આ પ્રકારની જેની ગર્વસભર ઘોષણા છે અને પ્રસિદ્ધિ છે, તે છે महाभारतम्. આ મહર્ષિ વ્યાસની રચના મનાય છે. આમાં રહેલા વ્યાપક વિષયવસ્તુને કારણે આને 'પંચમ વેદ' તરીકે પણ ઓળખવામાં આવે છે. રામાયણ પછી આ મહાભારત આપણા દેશનું બીજું વિરાટ મહાકાવ્ય (Epic એપિક) છે.

મહાભારતની કુલ ત્રણ આવૃત્તિઓ થઈ હોવાનું મનાય છે. મહાભારતનું મૂળ કદ ઘણું નાનું હતું. એ સ્વરૂપમાં તે जय નામે ઓળખાતું હતું અને તેમાં લગભગ આઠ હજાર શ્લોકો હતા. તે પછી એની બીજી આવૃત્તિ થઈ. તે भारत નામથી પ્રસિદ્ધિ પામી. આમાં શ્લોકોની સંખ્યા વધીને ચોવીસ હજારની થઈ. છેલ્લું અને ત્રીજું સંસ્કરણ તે આજે મળતું મહાભારત છે. એમાં એક લાખ શ્લોકો હોવાનું મનાય છે. વિશ્વસાહિત્યમાં કદની દૃષ્ટિએ સર્વપ્રથમ સ્થાન આ મહાભારત ભોગવે છે.

મહાભારતમાં કુલ અઢાર પર્વ છે. જે ક્રમાનુસાર આ પ્રમાણે છે - આદિપર્વ, સભાપર્વ, વનપર્વ, વિરાટપર્વ, ઉદ્યોગપર્વ, ભીષ્મપર્વ, દ્રોણપર્વ, કર્ણપર્વ, શલ્યપર્વ, સૌપ્તિકપર્વ, સ્ત્રીપર્વ, શાંતિપર્વ, અનુશાસનપર્વ, આશ્વમેધિકપર્વ, આશ્રમપર્વ, મૌસલપર્વ, મહાપ્રાસ્થાનિકપર્વ અને સ્વર્ગારોહણપર્વ. આ અઢારેય પર્વ ઉપપર્વ અને અધ્યાયોમાં વહેંચાયેલાં છે. આનો રચના કાળ ઈ. સ. પૂર્વે પાંચમી સદીથી પણ પ્રાચીન માનવામાં આવે છે. કેટલાક વિદ્વાનોનો મત છે કે ઘણા પ્રાચીન સમયથી પ્રારંભાયેલી મહાભારતની રચના છેક ઈ. સ.ની બીજી સદી સુધી ચાલતી રહી છે. આમ મહાભારત નામે પ્રસિદ્ધ આ કૃતિ કોઈ એક સમયની અને એક કર્તાની રચના નથી.

### મહાભારતનું સંક્ષિપ્ત કથાનક

મહારાજા ભરતના વંશમાં શંતનુ નામે રાજા થયો. તેનો એક પુત્ર હતો દેવવ્રત. (પાછળથી જે ભીષ્મ તરીકે પ્રસિદ્ધ થયો.) આ શંતનુનાં બીજાં લગ્ન સત્યવતી સાથે થયાં. આ સત્યવતીથી ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય નામે બે પુત્રો થયા. વિચિત્રવીર્યનો અંબિકા અને અંબાલિકા સાથે વિવાહ થયો. પરંતુ સંતાન થાય, તે પહેલાં જ તે મૃત્યુ પામ્યો. મોટા ભાઈ દેવવ્રતે આજીવન બ્રહ્મચર્યવ્રત પાળવાની પ્રતિજ્ઞા લીધી હોઈ હવે રાજા શંતનુનો વંશ આગળ વધી શકે એમ ન હતો. આ સ્થિતિમાં તે જમાનામાં પ્રચલિત નિયોગ પ્રથાથી અંબિકાએ ધૃતરાષ્ટ્રને અને અંબાલિકાએ પાંડુને (તથા એની સાથેની એક દાસીએ ત્રીજા પુત્ર વિદુરને) જન્મ આપ્યો. ધૃતરાષ્ટ્ર અંધ હતો. તેને ગાંધારીથી દુર્યોધન વગેરે સો પુત્રો અને દુઃશલા નામે એક પુત્રી થઈ. પાંડુને કુંતીથી

યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન, તથા માદ્રીથી સહદેવ અને નકુલ એમ પાંચ પુત્રો થયા.

ધૃતરાષ્ટ્ર અને પાંડુ બંનેના પૂર્વજ કુરુવંશના હતા, તેથી આ બંને અને તેમના બધા પુત્રો કૌરવ છે, છતાં મહાભારત કથામાં ધૃતરાષ્ટ્રના પુત્રોને કૌરવ અને પાંડુના પુત્રોને પાંડવ તરીકે ખ્યાતિ પ્રાપ્ત થઈ છે.

ધૃતરાષ્ટ્રનો સૌથી મોટો પુત્ર દુર્યોધન પાંડવોનો ખૂબ જ દ્વેષ કરતો. તે પાંડવોને મારી નાંખવાની છૂપી યોજનાઓ કરતો અને એમના હકના રાજ્યાધિકારને આપતો ન હતો. દ્રુપદની પુત્રી દ્રૌપદીના સ્વયંવરમાં પાંડવો સફળ થયા. પાંડવોની આ સફળતાથી દુર્યોધનનો દ્વેષ વધી પડ્યો. દુર્યોધને કપટ-જુગારથી પાંડવોને હરાવ્યા. દ્રૌપદીનું અપમાન કર્યું અને વનવાસમાં જવાની ફરજ પાડી. તે મુજબ બાર વર્ષ વનવાસ અને એક વર્ષ ગુપ્તવાસમાં રહીને પાંડવો હસ્તિનાપુર પાછા આવ્યા. પાછા આવીને એમણે પોતાના રાજ્યાધિકારની માગણી કરી પણ દુર્યોધને સોયની અણી જેટલી પણ ભૂમિ આપવાની ના પાડી. શ્રીકૃષ્ણે વચ્ચે રહીને સમાધાનનો ઘણો પ્રયત્ન કર્યો. દુર્યોધને શ્રીકૃષ્ણની વાત માની નહીં. પરિણામે કુરુક્ષેત્રના મેદાન ઉપર મોટું યુદ્ધ થયું. આ યુદ્ધમાં બંને પક્ષે મળીને અઢાર અક્ષૌહિણી જેટલી સેના યુદ્ધે ચઢી. મહાસંગ્રામ થયો અને તેમાં મહાસંહાર થયો. છેવટે પાંડવો વિજયી બન્યા. આ વિજય સત્યનો અને ધર્મનો વિજય હતો. વિજય મેળવી પોતાનું કર્તવ્ય કર્મ પૂરું થયું છે એમ સમજીને છેવટે પાંડવોએ હિમાલય તરફ પ્રયાણ કર્યું અને અહીંથી તેઓ સ્વર્ગે સીધાવ્યા.

કૌરવ-પાંડવોના યુદ્ધની મુખ્ય કથાવસ્તુની સાથે અહીં માનવજીવનને ઉપયોગી એવું તમામ પ્રકારનું જ્ઞાન ખૂબ જ સરસ રીતે વણી લેવામાં આવ્યું છે. આને કારણે આ મહાભારત જ્ઞાનના વૈવિધ્યમાં, પાત્રોના અને આખ્યાનોના વૈવિધ્યમાં, કાવ્યત્વ અને રસના વૈવિધ્યમાં એટલું બધું વિશેષ બની ગયું છે કે વિશ્વનો એ અદ્વિતીય ગ્રંથ બની રહ્યો છે. (ભીષ્મપર્વના 25થી 42 સુધીના 18 અધ્યાયોનો) શ્રીમદ્ ભગવદ્ગીતા તરીકે પ્રસિદ્ધિ પામેલો ગ્રંથ આ મહાભારતનો જ ભાગ છે.

આ ગ્રંથની વર્ણનશૈલી સુંદર, સરળ અને અદ્ભુત છે. આમાં આવતાં નૈતિક કથાનકો અને આખ્યાનો લોકપ્રિય નીવડ્યાં છે. તેમનો ઉલ્લેખ રોજબરોજના વ્યવહારમાં આજે પણ થતો હોય છે. મહાભારતમાંથી ભારતીય સમાજ નિરંતર પ્રેરણા મેળવતો રહ્યો છે અને આજે પણ મેળવી રહ્યો છે.

પૂના (મહારાષ્ટ્ર)માં આવેલા ભાંડારકર ઓરિયેન્ટલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં મહાભારતની સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરવામાં આવી છે. દેશ-વિદેશમાં ઉપલબ્ધ અનેક પ્રાચીન હસ્તલિખિત ગ્રંથોનો આધાર લઈને તૈયાર કરવામાં આવેલી આ આવૃત્તિનો ઉપયોગ ઉચ્ચ અધ્યયન અને સંશોધન - વિવેચન વગેરે માટે કરવામાં આવે છે.

## 4. મહાકવિ કાલિદાસ (મહાકાવ્યકાર તરીકે)

ધોરણ 11માં તમને મહાકવિ કાલિદાસ અને તેમની કૃતિઓ વિશેનો પ્રાથમિક પરિચય કરાવવામાં આવ્યો છે. તે વખતે તમે એમની નાટ્યકૃતિઓની કથાવસ્તુથી પરિચિત થયા હતા. હવે અહીં એમનાં મહાકાવ્યોના કથાવસ્તુનો પરિચય કરીશું.

કાલિદાસ વિરચિત મહાકાવ્યો બે છે - 1. कुमारसम्भवम् અને 2. रघुवंशम्. આ બંનેની કથાવસ્તુ સંક્ષેપમાં આ પ્રમાણે છે :

### कुमारसम्भवम्

સંસ્કૃત મહાકાવ્યમાં સ્થાન પામેલ કુમારસંભવ એ મહાકવિ કાલિદાસનું સત્તર સર્ગોનું સુંદર મહાકાવ્ય છે. આમાં કુમાર કાર્તિકેયના સંભવ-જન્મની કથા છે. કુમાર એ શિવ અને પાર્વતીનો પરાક્રમી પુત્ર કાર્તિકેય છે. તારકાસુર નામે એક અસુર હતો. એ દેવોને પીડતો હતો. આ સંકટમાંથી મુક્ત થવા બ્રહ્માની સલાહ મુજબ હિમાલયની પુત્રી ઉમાની સાથે શિવનાં લગ્ન થાય અને તે દંપતીથી કુમાર જન્મે, તો એ કુમાર તારકાસુરનો વધ કરી શકે એમ હતું. એથી દેવો શિવ-પાર્વતીનાં લગ્ન થાય, તેવો ઉપક્રમ રચે છે.

કુમારસંભવના એકથી આઠ સુધીના સર્ગોમાં શિવ-પાર્વતીના વિવાહની વાત વર્ણિત છે. આ વિભાગમાં પ્રથમ સર્ગમાં

હિમાલયનું વર્ણન, બીજા સર્ગમાં તારકાસુરના વિનાશ માટે બ્રહ્માએ સૂચવેલ ઉપાયનું વર્ણન, ત્રીજા સર્ગમાં વસંતવર્ણનની સાથે મદનદહનનો પ્રસંગ નિરૂપાયો છે. ચોથા સર્ગમાં રતિવિલાપનું હૃદયદ્રાવક વર્ણન છે. પાંચમા સર્ગમાં પાર્વતીના તપનું, બ્રહ્મચારીરૂપે શિવે કરેલી પાર્વતીની પરીક્ષાનું તથા શિવે પાર્વતીના કરેલા સ્વીકારનું કથાનક છે. ત્યાર પછીના નવથી સત્તર સુધીના સર્ગોમાં કુમાર કાર્તિકેયના જન્મની અને તારકાસુરના વધની વાત આલેખાઈ છે.

## रघुवंशम्

આ ઓગણીસ સર્ગનું મહાકાવ્ય છે. આમાં रघूणाम् अन्वयं वक्ष्ये...। એમ કહીને રઘુવંશમાં જન્મેલા રાજાઓનું ચરિત વર્ણવવાનો પ્રારંભ થયો છે. અહીં પ્રારંભમાં રઘુવંશના રાજાઓની વિશેષતાઓનું સરસ વર્ણન છે.

રઘુવંશના વર્ણનનો પ્રારંભ જો કે મનુના નામસ્મરણથી થાય છે, પરંતુ અહીં સર્વપ્રથમ રાજા દિલીપનું ચરિત વિગતે આવે છે. રઘુ તેનો પરાક્રમી પુત્ર છે. તેથી તેના નામ ઉપરથી કાવ્યને શીર્ષક આપવામાં આવ્યું છે.

અયોધ્યાના રાજા દિલીપ અને રાણી સુદક્ષિણાને પુત્ર નથી. નન્દિની ગાયની કૃપાથી તેમને ત્યાં રઘુનો જન્મ થાય છે. તેણે પોતે કરેલા વિશ્વજિતયજ્ઞમાં બધી સંપત્તિ દાન કરેલી, એ ઘટના અહીં સરસ રીતે આલેખાઈ છે. તે પછી અજનું ચરિત આવે છે. આમાં ઈન્દુમતી-સ્વયંવર અને અજ-વિલાપ નામના બે પ્રસંગો આ મહાકાવ્યની શોભા વધારે છે. ત્યારબાદ રાજા દશરથના વ્યક્તિત્વનું વર્ણન આવે છે. દશરથ પછી રામનું ચરિત આવે છે. અહીં કવિએ પોતાના મૌલિક વિચારો દ્વારા રામચરિતનું સુંદર વર્ણન કર્યું છે. સીતાત્યાગના પ્રસંગે સીતાએ લક્ષ્મણ દ્વારા રામને પાઠવેલ સંદેશનું અત્યંત હૃદયસ્પર્શી વર્ણન છે.

રામકથા પછી કુશનું ચરિત પણ વિગતે નિરૂપાયું છે. અંતિમ સર્ગમાં રઘુવંશના અંતિમ વિલાસી રાજા અગ્નિવર્ણનું વર્ણન કર્યું છે.

આ મહાકાવ્યનું વિષયવસ્તુ, ભાષાશૈલી અને લાલિત્ય એટલાં તો રોચક છે કે પ્રત્યેક વાચકનું મન તેમાં મગ્ન થઈ જાય છે. આ માટે જ કહેવાયું છે કે - कः इह रघुकारे न रमते। (અહીં રઘુકારમાં અર્થાત્ કાલિદાસની રઘુવંશ કૃતિમાં કોણ એવું છે કે જેનું મન રમતું ન હોય ?) આ કાવ્ય મહાકવિ કાલિદાસનું જ નહીં, સમગ્ર સંસ્કૃતસાહિત્યનું શ્રેષ્ઠ મહાકાવ્ય છે.

(આ ઉપરાંત તેમણે ऋतुसंहारम् અને मेघदूतम् નામનાં બે ખંડકાવ્યો પણ રચ્યાં છે. ऋतुसंहारम्માં છ ઋતુઓનું વર્ણન છે. मेघदूतम् વિરહની વેદનાને વર્ણવતું કાવ્ય છે. તેમાં એક યક્ષના પત્નીથી થયેલા વિરહની કથા છે. આ યક્ષ મેઘને દૂત બનાવીને પત્નીને પોતાની કુશળતાનો સંદેશ મોકલાવે છે. બંને કાવ્યોમાં સુંદર પ્રકૃતિવર્ણન છે.)

## 5. મહાકવિ માઘ

મહાકવિ માઘની એકમાત્ર કૃતિ પ્રાપ્ત થાય છે અને તે છે शिशुपालवधमहाकाव्यम्. આ સુંદર અને સરસ મહાકાવ્યના રચયિતા મહાકવિ માઘના જીવન વિશે આપણી પાસે વધારે વિગતો નથી. છતાં એમનો સ્થિતિકાળ ઈ. સ.ની સાતમીથી દસમી સદીની વચ્ચેનો મનાય છે અને (અત્યારના ગુજરાત અને રાજસ્થાનની સરહદે આવેલ) ભિન્નમાલ કે શ્રીમાલ એમનું વતન મનાય છે. તેઓ શ્રીમાળી બ્રાહ્મણ હતા.

સંસ્કૃતનાં પંચમહાકાવ્યોમાં આની ગણતરી થાય છે. આમાં વીસ સર્ગ છે. કથાવસ્તુનો સ્રોત મહાભારતનું સભાપર્વ છે. ચેદીનરેશ શિશુપાલના વધની ઘટના કથાવસ્તુના કેન્દ્રમાં છે. મુખ્ય રસ વીર છે. આ કૃતિને માટે કહેવાયું છે કે नव–सर्ग–गते माघे नवशब्दो न विद्यते। અર્થાત્ માઘે રચેલા શિશુપાલના નવ સર્ગો (જ્યારે વાંચીને) પૂરા થાય છે, ત્યારે (વાંચનારી વ્યક્તિને માટે) કોઈ નવો શબ્દ (જાણવાનો) રહેતો નથી. એવી જ રીતે આ મહાકાવ્યને માટે કહેવાયું છે કે આને વાંચતાં વાંચતાં આખી જિંદગી પસાર થઈ જાય એમ છે. (मेघे माघे गतं वयः। અર્થાત્ મેઘ એટલે કે મહાકવિ કાલિદાસકૃત મેઘદૂત કાવ્ય અને માઘ એટલે માઘરચિત કાવ્ય શિશુપાલવધ - આ બંનેનો અભ્યાસ કરતાં કરતાં આખું જીવન પસાર થઈ જાય છે.)

### શિશુપાલવધનું કથાનક

વાસુદેવ દ્વારકામાં રહે છે. એક દિવસ ત્યાં નારદ પધારે છે. નારદ ઇન્દ્રનો સંદેશો લઈને આવ્યા છે. તેઓ શ્રીકૃષ્ણને સંદેશો સંભળાવતાં કહે છે કે શિશુપાલની કનડગત ખૂબ વધી ગઈ છે. તેથી એનો વધ કરવો પડે એમ છે. શ્રીકૃષ્ણ આ સંદેશો સાંભળી લે છે. આ બાજુ યુધિષ્ઠિર રાજસૂય યજ્ઞ કરવાના હોઈ શ્રીકૃષ્ણે ત્યાં જવાનું છે. આ બંને કાર્યમાં કોને અગ્રિમતા આપવી એ અંગે શ્રીકૃષ્ણ બલરામ અને ઉદ્ધવ સાથે મંત્રણા કરે છે. ઉદ્ધવની સલાહ પ્રમાણે કૃષ્ણ યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં જવાનું નક્કી કરે છે. દ્વારકાથી નીકળીને હસ્તિનાપુર જતાં વચ્ચે રૈવતક (ગિરનાર) પર્વત આવે છે. અહીં આ પર્વતનું સુંદર વર્ણન કવિએ કર્યું છે.

યુધિષ્ઠિરે જ્યારે સાંભળ્યું કે શ્રીકૃષ્ણ યમુના પાર કરી ગયા છે, ત્યારે તે એમના સ્વાગત માટે પહોંચી જાય છે. યુધિષ્ઠિરની સાથે શ્રીકૃષ્ણ હસ્તિનાપુર (ઇન્દ્રપ્રસ્થ)માં પ્રવેશ કરે છે. આ પ્રસંગે શ્રીકૃષ્ણને જોવા માટે નગરની સ્ત્રીઓ માર્ગની બંને બાજુ ઊભેલી હોય છે. કવિ માઘે આ સ્ત્રીઓ અને તેમના મુખ ઉપર પ્રગટતા ભાવોનું સુરેખ વર્ણન કર્યું છે અને પોતે મહાકવિ છે, એ વાતને પુરવાર કરી બતાવી છે.

યજ્ઞનો પ્રારંભ થાય તે પહેલાં શ્રીકૃષ્ણની અગ્રપૂજા થાય છે. તે સમયે શિશુપાલ અપશબ્દો બોલીને પોતાનો વિરોધ નોંધાવે છે. ભીષ્મ શિશુપાલને લલકારે છે. જેના પ્રતિભાવમાં શિશુપાલ સભામંડપનો ત્યાગ કરીને યુદ્ધ માટે પોતાની સેનાને તૈયાર કરે છે. શિશુપાલનો દૂત સંદેહભર્યા શબ્દોવાળો સંદેશો લાવે છે. તે યુદ્ધ અથવા આત્મસમર્પણની માંગણી કરે છે. અંતે યુદ્ધ અનિવાર્ય બની જાય છે. છેલ્લે શ્રીકૃષ્ણ સુદર્શનચક્ર છોડે છે અને પરિણામે શિશુપાલનું મસ્તક ધડથી છૂટું થઈને પડે છે. એના શરીરમાંથી નીકળેલું તેજ શ્રીકૃષ્ણના શરીરમાં સમાઈ જાય છે. શિશુપાલના વધથી હર્ષ પામેલા દેવતાઓ પુષ્પવૃષ્ટિ કરે છે. અહીં મહાકાવ્ય પૂરું થાય છે.

મહાકાવ્યમાં ઋતુઓ, જલક્રીડા, સંધ્યા, ચંદ્રોદય, પ્રભાત વગેરેનાં વર્ણનો અનિવાર્ય રીતે કરવાનાં હોય છે. એટલે અહીં પણ આ બધાં વર્ણનો આવે છે. મહાકવિ માઘે પોતાની વિલક્ષણ પ્રતિભાથી આ વર્ણનોને એવાં સરસ બનાવ્યાં છે કે તે વર્ણનાત્મક શૈલીના આદર્શ બની રહ્યાં છે. માઘ કાવ્યકવિ સાથે સાથે શાસ્ત્રકવિ પણ છે. એ કારણે આ મહાકાવ્યમાં ડગલે ને પગલે એમનું શાસ્ત્રજ્ઞાન પ્રગટ થતું રહે છે. એમના માટે સૈન્યનું યુદ્ધ અને મહાકાવ્યની રચના બંને કાર્યો સરખાં જ છે. બંને ક્ષેત્રમાં તેમની પ્રતિભા એકસરખી રીતે ગતિ કરી શકી છે. આ કારણે શિશુપાલવધ મહાકાવ્યને સંસ્કૃતનાં પંચમહાકાવ્યોમાં મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત થયું છે.

### 6. ગદ્યકાર મહાકવિ બાણ

સંસ્કૃતની ગદ્યકાવ્યની પરંપરામાં સૌથી ઊંચું સ્થાન મહાકવિ બાણનું છે. એમણે એમની હર્ષચરિત નામની કૃતિમાં પોતાનો વિગતે પરિચય આપ્યો છે. એ મુજબ તેઓ વત્સવંશના હતા. મહર્ષિ દધીચ તથા સરસ્વતી તેમનાં આદ્યપૂર્વજ હતાં. માતાના મૃત્યુ પછી જીવનના ચૌદમા વર્ષે તેમણે પિતાને ગુમાવ્યા. એ પછી તેઓ દેશાટનમાં નીકળી પડે છે. વિવિધ વ્યક્તિઓના સંપર્કમાં આવે છે. અનેક ગુરુકુળોમાં વિદ્યાભ્યાસ કરે છે અને પોતાના વંશને છાજે તેવી વિદ્વત્તા પ્રાપ્ત કરીને ઘરે પરત ફરે છે. આ પ્રકારનું વ્યક્તિત્વ ધરાવતા બાણ હર્ષવર્ધનના સમયમાં થઈ ગયા. સમ્રાટ હર્ષવર્ધનનો સમય ઈ. સ. 606થી 647 સુધીનો છે. એથી બાણ પણ આ જ સમયાવધિમાં થયા હોવાનું નક્કી થાય છે.

મહાકવિ બાણે બે કૃતિઓ રચી છે. બંને ગદ્યકૃતિઓ છે. તેમનાં નામ हर्षचरितम् અને कादम्बरी છે. પ્રથમ કૃતિનો કાવ્ય પ્રકાર આખ્યાયિકા છે જ્યારે બીજી કૃતિ કથા પ્રકારની છે.

**1. हर्षचरितम्** - આ એક ઐતિહાસિક કથાનક ધરાવતી કૃતિ છે. તે ગદ્યશૈલીમાં છે. એના આંતરિક વિભાગો આઠ છે અને તે ઉચ્છ્વાસ નામથી ઓળખાય છે. સંસ્કૃત સાહિત્યના ઇતિહાસમાં આખ્યાયિકા પ્રકારની આ સર્વપ્રથમ રચના છે.

આનું કેન્દ્રવર્તી કથાનક સમ્રાટ હર્ષનું જીવનચરિત છે. એ નામ ઉપરથી જ જણાઈ આવે છે. પ્રથમ ઉચ્છ્વાસમાં બાણે

વ્યાસ, ભાસ, કાલિદાસ વગેરેની કૃતિઓની પ્રશંસા કરી છે. (પ્રારંભિક ત્રણ ઉચ્છ્‌વાસમાં) બાણે પોતાનું જીવન વર્ણવ્યું છે. જ્યારે તે પછી આગળના (ચારથી આઠ સુધીના) પાંચ ઉચ્છ્‌વાસમાં સમ્રાટ હર્ષવર્ધનનું ચરિત આલેખ્યું છે.

પ્રારંભિક ભાગમાં બાણ દેશાટનનું વર્ણન કરે છે. એ પછી બાણ પોતાના પિતરાઈ ભાઈઓના આગ્રહથી હર્ષનું ચરિત કહે છે. આ ચરિતનો પ્રારંભ પૌરાણિક શૈલીથી થયો છે. સમગ્ર કૃતિમાં કર્ણપ્રિય અને કથાનકને અનુકૂળ શબ્દપ્રયોગો થયા છે. અહીં મુખ્ય રસ વીર હોવા છતાં પ્રસંગવશ કરુણ વગેરે વિવિધ રસો પણ સારા એવા પ્રમાણમાં અનુભવાય છે.

**2. कादम्बरी** - મહાકવિ બાણની બીજી કૃતિ कादम्बरी છે. એ પણ ગદ્યશૈલીમાં છે પરંતુ એનો કાવ્યપ્રકાર કથાનો છે. આનું કથાનક બે ભાગમાં છે - પૂર્વભાગ અને ઉત્તરભાગ. આનું સમગ્ર કથાવસ્તુ ચંદ્રાપીડ અને પુંડરીકના ત્રણ-ત્રણ જન્મો સાથે સંબંધ ધરાવે છે.

કથાના (પૂર્વભાગના) પ્રારંભમાં વિદિશાના રાજા શૂદ્રકના પ્રભાવ અને વૈભવનું વર્ણન છે. એક દિવસ રાજા શૂદ્રકના રાજદરબારમાં એક સુંદર કન્યા વૈશંપાયન નામના શુક (પોપટ)ને લઈને આવે છે. આ શુક મનુષ્યની બોલીમાં વાત કરી શકે છે. આમ એ શ્રોતાઓને માટે શ્રેષ્ઠ મનોરંજન પૂરું પાડતો હોય છે. અહીં રાજદરબારમાં આવીને તે કાદંબરીની કથા સંભળાવે છે.

કથાના પ્રારંભમાં એ શુક સર્વપ્રથમ પોતાની વીતક કથા કહે છે. એ પછી જાબાલિમુનિવર્ણિત રાજા ચંદ્રાપીડ તથા તેના મિત્ર વૈશંપાયનની કથા આવે છે. એકવાર રાજા ચંદ્રાપીડ દિગ્વિજય કરવા નીકળે છે અને છેક હિમાલયમાં પહોંચે છે. અહીં એક કિન્નર યુગલને જુએ છે અને તેની પાછળ દોડતાં દોડતાં અચ્છોદ નામના દિવ્ય સરોવરે જઈ પહોંચે છે. (મહાકવિ બાણે આ અચ્છોદ સરોવરનું સુંદર વર્ણન કર્યું છે.) સરોવર પાસે પહોંચેલા ચંદ્રાપીડને મધુર સંગીત સંભળાય છે. પાસેના જ એક શિવાલયમાં વીણાવાદિની મહાશ્વેતા તે સંગીતના સૂર રેલાવી રહી હોય છે. તે સૂરોની દિશામાં ચાલતો ચંદ્રાપીડ શિવાલય સુધી આવી પહોંચે છે. અહીં ચંદ્રાપીડ અને મહાશ્વેતાની મુલાકાત થાય છે. મહાશ્વેતા ચંદ્રાપીડ સમક્ષ પોતાની અને પુંડરીકની પ્રણયકથાનું વૃત્તાંત કહે છે. ત્યારબાદ તેની સખી કાદંબરી સાથે ચંદ્રાપીડનો પરિચય થાય છે અને તેને કાદંબરી સાથે પ્રણય થાય છે. એ પછી ચંદ્રાપીડને ઉજ્જયિની પરત આવવાનું થાય છે. ઉજ્જયિની પહોંચેલા રાજાની તામ્બૂલકરંકવાહિની પત્રલેખા કાદંબરીના પ્રેમનો સંદેશો લઈને ઉપસ્થિત થાય છે. આની સાથે કાદંબરી કથાનો પૂર્વભાગ પૂર્ણ થાય છે.

ઉત્તરભાગમાં ચંદ્રાપીડ મહાશ્વેતા પાસે પાછો ફરે છે. અહીં તે પોતાના મિત્ર વૈશંપાયનના સમાચાર જાણે છે. વૈશંપાયન મહાશ્વેતાને પ્રેમ કરવા જતાં 'તું પોપટ બની જા' એવો શાપ પ્રાપ્ત કરે છે. શાપને લીધે પોપટ બનેલા મિત્રની આ વિપત્તિથી ચંદ્રાપીડ શોકાતુર બને છે અને છેવટે પ્રાણત્યાગ કરે છે. આ બાજુ કપિંજલ પોતાના શુક બનેલા મિત્રને શોધતો જાબાલિમુનિના આશ્રમમાં આવે છે. અહીં તેને જાણ થાય છે કે પેલા શુકને તો એક કન્યા પકડી ગઈ છે અને તે અત્યારે રાજા શૂદ્રકના રાજદરબારમાં લઈ ગઈ છે. કપિંજલ રાજદરબારમાં આવે છે. અહીં આખી કથાનો ઘટસ્ફોટ થાય છે. એ મુજબ પેલી કન્યા પુંડરીકની માતા લક્ષ્મી છે. પુંડરીક પૂર્વજન્મનો વૈશંપાયન છે. રાજા શૂદ્રક પૂર્વજન્મનો રાજા ચંદ્રાપીડ છે.

આ અકલ્પ્ય કથાનું રહસ્યોદ્‌ઘાટન થતાંની સાથે શુક અને શૂદ્રક પ્રાણત્યાગ કરે છે. પેલી બાજુ ચંદ્રાપીડનું મૃત શરીર પુનર્જિવિત થાય છે. પુંડરીક આકાશમાંથી ઊતરે છે. મહાશ્વેતા-પુંડરીક અને કાદંબરી-ચંદ્રાપીડનું સુખદ મિલન થાય છે.

રહસ્યમય ઘટનાઓ ધરાવતી આ કથા બાણની જ નહીં સંસ્કૃતસાહિત્યની સર્વોત્તમ ગદ્યકૃતિ છે. બાણે પોતાની અપ્રતિમ પ્રતિભાથી આની રચના કરી છે. દરેક વર્ણન સુરેખ છે. પાત્રચિત્રણ અનુપમ અને જીવંત છે. પ્રણય નિરૂપણ અત્યંત ઉદાત્ત અને વાસનાવિહીન છે. આમાં પ્રસંગોપાત્ત રીતે બાણના બહુમુખી અનુભવોનું રસમય ચિત્રણ થયું છે.

બાણની આ કૃતિની પાંચાલી શૈલી છે, સમાસપ્રચુર વાક્યાવલિ છે, ડગલે ને પગલે શ્લેષ છે. વર્ણનોમાં અલંકારોની

ભરમાર છે. કથાનકનો રસપ્રવાહ ક્યાંય અટક્યા વગર અવિરત વહેતો રહે છે. આ બધાં કારણોથી બાણને કાલિદાસ અને ભવભૂતિની પંક્તિમાં બેસવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. એમ કહેવાય છે કે વાણી (અર્થાત્ સરસ્વતી દેવી) જ બાણ બનીને અવતરી હતી. (वाणी बाणो बभूव ह।)

### 7. નાટ્યકાર શૂદ્રક

પોતાની એક માત્ર નાટ્યકૃતિ मृच्छकटिकम्થી સંસ્કૃત નાટ્યસાહિત્યમાં મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરનારા શૂદ્રકના જીવન વિશે અનેક દંતકથાઓ પ્રચલિત છે. પણ એક બાબત નિશ્ચિત છે કે શૂદ્રક રાજા હતો અને તે દક્ષિણ ભારતમાં ક્યાંક થઈ ગયો. એનો સ્થિતિકાળ ઈ. સ.ની બીજીથી આઠમી સદી વચ્ચેનો હોવો જોઈએ, એવી માન્યતા છે.

### मृच्छकटिकम्

આ એક પ્રકરણ પ્રકારનું રૂપક છે. તેમાં દસ અંક છે. આનું કથાવસ્તુ અનુપમ છે. ઉજ્જયિનીમાં વસંતસેના નામની એક ગણિકા રહે છે. આ જ નગરમાં એક ચારુદત્ત નામનો ગુણસંપન્ન સંસ્કારી યુવક પણ રહે છે. એ આમ તો ધનિક પરિવારનો સભ્ય છે, પણ તે ઉદાર હૃદયનો હોવાથી સતત દાન આપતો આપતો અત્યારે તદ્દન નિર્ધન બની ગયો છે. વસંતસેના આ નિર્ધન એવા ગુણિયલ યુવકને બેહદ પ્રેમ કરે છે. આ બંનેના પ્રેમની કથા આ રૂપકનું મુખ્ય કથાવસ્તુ છે. મુખ્યકથાની સાથે રાજકીય ખટપટ અને લોકક્રાંતિની ગૌણકથા પણ જોડી દેવામાં આવી છે, જે રસવૃદ્ધિ કરે છે.

એક વખતનો શ્રીમંત અને અત્યારનો દરિદ્ર એવો ચારુદત્ત આજે દુઃખી છે. તેને ધનના અભાવનું દુઃખ નથી, પરંતુ નિર્ધનતાને કારણે મિત્રો અને સ્નેહીજનોએ એનો સાથ છોડી દીધો છે, એ વાતનું દુઃખ છે પણ આવા ચારુદત્તને ગણિકા વસંતસેના ચાહે છે. પેલી બાજુ રાજાનો સાળો શકાર વસંતસેનાને પોતાની કરવા પ્રયત્ન કરી રહ્યો છે. એકવાર તે શકાર પોતાના સાગરિત એવા વિટ અને ચેટની સાથે વસંતસેનાની પાછળ પડે છે. વસંતસેના આકસ્મિક રીતે એમની પાસેથી છટકીને ચારુદત્તના ઘરમાં ભરાઈ જાય છે. અહીં તેને ચારુદત્તની ગરીબીનાં દર્શન થાય છે. ઘરેણાંને લૂંટવા માટે મારી પાછળ લોકો પડ્યા છે, તેથી આ ઘરેણાં તમે થાપણ તરીકે રાખો, એવું બહાનું બનાવીને તે ચારુદત્તને પોતાનાં ઘરેણાં આપી જાય છે. ચારુદત્ત તેને થાપણ તરીકે સાચવે છે.

ચારુદત્તને ત્યાં સંવાહક નામનો એક સેવક હતો. (પગચંપી-માલીશ કરનાર હોવાથી તેનું નામ સંવાહક હતું.) ચારુદત્તની નિર્ધનતાને લીધે તેની નોકરી છૂટી જતાં તે જુગારી બની ગયેલો. જુગારમાં હારેલા આ સંવાહકને (ચારુદત્તનો સેવક હતો, એમ જાણીને) વસંતસેના લેણદારોથી મુક્તિ અપાવે છે. એ પછી આ સંવાહક બૌદ્ધ સાધુ બની જાય છે.

વસંતસેનાની મદનિકા નામની એક દાસી છે. શર્વિલક નામનો એક યુવક તેને ચાહે છે. એ મદનિકાને વસંતસેનાને ત્યાંથી છોડાવવા ઇચ્છે છે. આ માટે તેને ધનની જરૂર છે. એથી તે ધન મેળવવા માટે ચારુદત્તના ઘરે રાત્રે ખાતર પાડે છે. અહીંથી તેને ઘરેણાં હાથ લાગે છે, જે પેલાં વસંતસેનાનાં હોય છે. આ ઘરેણાં લઈને તે વસંતસેનાને ત્યાં જાય છે. વસંતસેના એ ઘરેણાં જોઈને આશ્ચર્ય પામે છે. છતાં મૌન રહીને લઈ લે છે અને મદનિકાને મુક્ત કરી દે છે.

આ બાજુ સવારે ચારુદત્ત ઘરે થયેલી ચોરીના સમાચાર સાંભળે છે. એથી ચારુદત્તને ચિંતા થાય છે. તે પોતાના મિત્ર વિદૂષકને વસંતસેનાને ત્યાં એવો સંદેશો લઈને મોકલે છે કે તમે થાપણ તરીકે મૂકેલાં ઘરેણાં ચારુદત્ત જુગારમાં હારી ગયા છે અને તેથી એ ઘરેણાંના બદલામાં આ મોતીની માળા મોકલી છે, તેનો તમે સ્વીકાર કરો. (આ મોતીની માળા ચારુદત્તની પત્નીની હોય છે. ચારુદત્તને તે સ્વેચ્છાએ આપે છે અને ચિંતા ન કરવા કહે છે.) વિદૂષક (મૈત્રેય) વસંતસેના પાસે જઈ ચારુદત્તનો સંદેશો સંભળાવે છે અને મોતીની માળા આપી દે છે. આ પ્રસંગથી ચારુદત્ત પ્રત્યે વસંતસેનાની લાગણી વધુ પ્રબળ બને છે.

વસંતસેનાનું મન પોતાના પ્રિયતમને મળવા અધીરું બને છે. તે ચારુદત્તના ઘરે આવે છે, ત્યારે ચારુદત્ત એનું ઉચિત સ્વાગત કરે છે અને એના પ્રેમનો સ્વીકાર કરે છે.

આ સમયે એક ઘટના ઘટે છે. વસંતસેના ચારુદત્તના ઘરના આંગણે ઊભી છે. ચારુદત્તનો પુત્ર રોહસેન માટીની ગાલ્લીથી રમી રહ્યો હોય છે. તે પડોશીના છોકરાને સોનાની ગાલ્લીથી રમતો જોઈને માટીની ગાલ્લીથી રમવાની ના પાડે છે અને રડે છે. વસંતસેના એને રડતો જોઈ તરત જ પોતાનાં ઘરેણાં ઉતારીને એ ગાલ્લીમાં ભરી દે છે. આ પ્રસંગ ઉપરથી આ નાટકનું નામ मृच्छकटिकम् રાખવામાં આવ્યું છે. (मृद् એટલે માટી અને शकटिका એટલે ગાલ્લી. માટીની ગાલ્લીને અધિકૃત કરીને રચેલું પ્રકરણ તે મૃચ્છકટિક.)

એક દિવસે ચારુદત્તને મળવા ઉપડેલી વસંતસેના ભૂલથી શકારના વાહનમાં બેસી જાય છે. બીજી બાજુ કારાગારમાંથી છટકેલો ક્રાંતિકારી આર્યક ચારુદત્તના વાહનમાં છુપાઈને બેસી જાય છે. ચારુદત્તને ખબર પડતાં તે આર્યકને અભયવચન આપે છે. વાહનની બદલી થયેલી હોવાથી વસંતસેના શકાર પાસે પહોંચે છે. શકારના લાખ પ્રયત્ન છતાં જ્યારે વસંતસેના તેને વશ થતી નથી, ત્યારે શકાર તેનું ગળું દબાવી દે છે અને એ મરી ગઈ છે, એમ માનીને પાંદડાંના ઢગલા નીચે છૂપાવી દે છે. એ પછી ખૂબ જ ચાલાકીથી વસંતસેનાના ખૂનનો અપરાધ ચારુદત્તને માથે મઢી દે છે. ચારુદત્તે ઘરેણાં માટે વસંતસેનાનું ખૂન કર્યું છે, એવો આરોપ મૂકે છે અને તેને પોતાની લાગવગથી પૂરવાર પણ કરે છે. પરિણામે ચારુદત્તને ફાંસીની સજા થાય છે અને એને માંચડે ચઢાવવા લઈ જવામાં આવે છે.

બીજી બાજુ રાજા પાલક (કે જેનો સાળો શકાર છે તે)નો નાશ કરીને (ચારુદત્તના વાહનમાં છુપાયેલો અને ચારુદત્તે જેને અભયદાન આપ્યું હતું, તે) આર્યક રાજા બને છે.

ત્રીજી બાજુ બૌદ્ધ સાધુ બની ગયેલો પેલો સંવાહક ફરતો ફરતો એ જગાએ આવી ચઢે છે, જ્યાં વસંતસેનાને શકારે છુપાવી હતી. સૂકાં પાંદડાંમાં સળવળાટ જોઈને એ ત્યાં જાય છે અને વસંતસેનાને જોતાં જ ઓળખી જાય છે. પ્રાથમિક ઉપચાર કરીને તે વસંતસેનાને બચાવી લે છે. સ્વસ્થ થયેલી વસંતસેના અણીના સમયે સંવાહક સાથે હાજર થાય છે. ચારુદત્ત નિર્દોષ ઠરે છે. દોષી શકાર પકડાય છે. આર્ય ચારુદત્તને આર્યક પોતાનો મંત્રી બનાવે છે. ચારુદત્ત શકારને માફ કરે છે. છેવટે વસંતસેના ચારુદત્તની ગૃહિણીનું પદ પ્રાપ્ત કરે છે. આ રીતે નાટકની કથાનો સુખદ અંત થાય છે.

સમાજજીવનની નરી વાસ્તવિકતાને રજૂ કરતું આ પ્રકરણ રૂપક સંસ્કૃતસાહિત્યમાં અનોખી ભાત પાડે છે. આની અનેક ખાસિયતો છે. જેમ કે - 1. નાટ્યશાસ્ત્રના અનેક નિયમોનો અહીં ભંગ થયો છે. 2. કથા કાલ્પનિક છે, છતાં તેને સમાજમાં પૂરતું સંરક્ષણ પ્રાપ્ત થયું છે. 3. મુખ્ય રસ શૃંગાર છે. આ સાથે હાસ્યરસનો પણ સુંદર વિનિયોગ થયો છે. 4. મુખ્ય પ્રસંગો કરતા ગૌણ પ્રસંગો વધુ રસપ્રદ છે. 5. પાત્રો સમાજના ઉચ્ચવર્ગને બદલે સામાન્ય વર્ગના છે. આ અને આવી તો અનેક વિશેષતાઓને કારણે શૂદ્રક અને તેમની આ કૃતિ સદાયને માટે અમર બની રહી છે.

## 8. સંસ્કૃત નીતિકથાઓ

નીતિનો બોધ પ્રસરાવતી કથાઓને નીતિકથા તરીકે ઓળખવામાં આવે છે. નીતિ એટલે કે માણસને આગળ વધવા માટેનું માર્ગદર્શન આપે એવા સિદ્ધાંતો. માનવસમાજમાં નીતિને મહત્ત્વપૂર્ણ સ્થાન આપવામાં આવ્યું છે. કેમ કે, નીતિ વિનાનું જીવન માનવજીવન નહીં, પરંતુ પશુજીવન જ બની રહે છે. બીજી રીતે કહીએ તો માનવ પણ એક રીતે તો પશુ જ છે પણ અહીં નીતિનો અમલ થતો હોવાથી, પશુના સમૂહ કરતાં આ માનવસમાજ જુદો પડે છે. આ કારણથી ઘણા પ્રાચીનકાળથી માનવસમાજમાં નીતિનો બોધ પ્રસરે તે માટેનો પ્રયત્ન થતો આવ્યો છે. આવા પ્રયત્નોના ફળસ્વરૂપ સંસ્કૃતમાં નીતિકથાઓનું વિશાળ સાહિત્ય અસ્તિત્વમાં આવ્યું છે. સંસ્કૃતમાં રચાયેલી આવી નીતિકથાનાં મૂળ વેદ અને ઉપનિષદમાં છે એ પણ નોંધવું જોઈએ.

સંસ્કૃત સાહિત્યમાં નીતિકથાઓની પરંપરામાં જ પ્રાણીકથાઓનો સમાવેશ થાય છે. આ પ્રકારની નીતિકથાઓમાં પાત્ર તરીકે પ્રાયઃ પશુ-પક્ષીઓ હોય છે, એટલે એમને પ્રાણીકથા તરીકે પ્રસિદ્ધિ મળી છે. સમય જતાં નીતિકથાઓમાં પ્રાણીઓને

એટલું બધું મહત્ત્વ અપાયું કે આજે તો પ્રાણીકથા શબ્દ એક રીતે તો નીતિકથાનો પર્યાય જ બની રહ્યો છે. હકીકતમાં તો પશુ-પક્ષીઓની ગતિવિધિ, સ્વભાવ, ખાસિયતો, ખામીઓ જેવી અનેક બાબતોનો સૂક્ષ્મ અભ્યાસ કરીને તેમના આધારે ગુણ-દોષ-પરક નીતિનો ઉપદેશ આપવાનું કાર્ય જે-તે કથાકારે કર્યું છે. આવી કથાઓમાં માનવસમાજને પારિવારિક અને સામાજિક વ્યવહારોનો બોધ કરાવવાની સાથે સાથે ધાર્મિક તથા રાજનૈતિક શિક્ષણ આપવાનું લક્ષ્ય પણ રખાયું છે.

આ પ્રકારના પ્રાણીકથા કે નીતિકથાના સાહિત્યમાં પંચતંત્ર અને હિતોપદેશ મુખ્ય છે. આમાંથી પંચતંત્ર વિશે તમે ધોરણ અગિયારમાં જાણકારી મેળવી છે, તેથી અહીં માત્ર હિતોપદેશ વિષે જ વાત કરીશું.

**हितोपदेशः** - બંગાળના રાજા ધવલચંદ્રના આશ્રિત મનાતા પંડિત નારાયણ ભટ્ટે હિતોપદેશ નામના આ કથાગ્રંથની રચના કરી છે. આની રચના ઈ. સ.ની દસમીથી ચૌદમી સદીની વચ્ચેના કોઈ કાળમાં થઈ હશે, એમ મનાય છે. પંચતંત્રમાંથી પ્રેરણા લઈને આની રચના કરવામાં આવી છે. પંચતંત્રની જેમ આ ગ્રંથમા પણ પશુ-પક્ષીઓની વાર્તા દ્વારા નીતિશાસ્ત્રનો બોધ આપવામાં આવ્યો છે.

આ ગ્રંથમાં ચાર વિભાગ છે અને તે દરેક વિભાગમાં જુદી જુદી સંખ્યામાં ઉપદેશ કથાઓ છે. જેમ કે - પ્રથમ મિત્રભેદ છે. આમાં મિત્રતાનું મહત્ત્વ બતાવીને મિત્રો કેવી રીતે મેળવવા અને મૈત્રીને કેવી રીતે ટકાવી રાખવી એને લગતો બોધ આપનારી કથાઓ આવે છે. દ્વિતીય સુહૃદ્‌ભેદ નામના વિભાગમાં પરિસ્થિતિ બદલાતાં મિત્રતામાં કેવી રીતે ભેદ પડે છે અને છેવટે મિત્રોને ગુમાવવા પડે છે, તેનો ઉપદેશ આપતી કથાઓ છે. તૃતીય વિગ્રહ નામના વિભાગમાં યુદ્ધનીતિનો બોધ આપતી કથાઓનો સંગ્રહ છે (વિગ્રહ એટલે યુદ્ધ). છેલ્લા સંધિ નામના ચતુર્થ વિભાગમાં એકબીજાથી વિરોધી એવા લોકોમાં પણ કેવી રીતે સંધિ કરી-કરાવી શકાય છે, તેને લગતી કથાઓ આવે છે.

પંચતંત્રની કુલ 43 કથાઓમાંથી અહીં 25 કથાઓ સીધી જ લેવામાં આવી છે. 17 કથાઓ તદ્દન નવી છે. પંચતંત્રમાં પાંચ વિભાગ છે. એ વિભાગોમાંની કથાઓને નારાયણ ભટ્ટે પોતાની રીતે જે-તે વિભાગોમાં સમાવી છે. આમ મૂળ કથા ભલે પંચતંત્રની હોય, પણ તે કયા વિભાગમાં મૂકવી, એ નારાયણ ભટ્ટે પોતે જ નક્કી કર્યું છે.

पुनर्मूषको भव એવી ઉક્તિ સાથે પ્રચલિત ઉંદરને બિલાડી, બિલાડીને વાઘ અને છેવટે વાઘને ઉંદર બનાવી દેવાની ઘટના ધરાવતી, ટીંડોડીનાં ઈંડાંને ડૂબાવી દેનારા સમુદ્રને પૂરી દેવાનો ઉપક્રમ હાથ ધરતી ટીંટોડી અને છેવટે સમુદ્રે કરેલી ક્ષમાયાચના વાળી કથા - જેવી સુપ્રસિદ્ધ કથાઓ હિતોપદેશનું વિશેષ પ્રદાન છે.

આ ગ્રંથના પ્રારંભમાં જણાવ્યું છે તેમ - श्रुतो हितोपदेशोऽयं पाटवं संस्कृतोक्तिषु। वाचां सर्वत्र वैचित्र्यं नीतिविद्यां ददाति च। અર્થાત્ આ હિતોપદેશને સાંભળવામાં આવે તો સાંભળનારને ત્રણ લાભ થાય છે : 1. સંસ્કૃતભાષાને બોલવામાં નિપુણતા આવે છે. 2. વાણીમાં બધે જ વૈચિત્ર્ય (બીજા બોલે એનાં કરતાં વિશેષતારૂપ વિચિત્રતા) આવે છે અને 3. નીતિવિદ્યાની (જાણકારી) આપે છે. ગ્રંથકારની આ ઉક્તિ બધી રીતે સાચી ઠરે છે.

### ( अ ) આયુર્વેદનો ઇતિહાસ : ધન્વંતરિ, ચરક, સુશ્રુત

પ્રાચીન ભારતીય તબીબી વિજ્ઞાનને આયુર્વેદ કહે છે. આયુ એટલે આયુષ્ય અને વેદ એટલે જ્ઞાન. જે શાસ્ત્રમાં આયુષ્યની જાળવણીનું જ્ઞાન છે તે શાસ્ત્રને આયુર્વેદ કહે છે. (आयु: अस्मिन् विद्यते स आयुर्वेदः।) અથવા જેના દ્વારા આયુની બાબતની જાણકારી પ્રાપ્ત થાય છે, તેને આયુર્વેદ કહે છે. (आयुर्विन्दति अनेन सः आयुर्वेदः।)

આ આયુર્વેદશાસ્ત્રમાં વ્યાધિગ્રસ્ત શરીરના રોગોનું નિવારણ તથા રોગ કદી પણ થાય જ નહિ તેવી સ્વાસ્થ્યરક્ષાની પ્રવિધિઓ - એમ બંને બાબતોનું સંમિશ્રિત રૂપે નિરૂપણ થયેલું છે.

ભારતમાં આયુર્વેદનો પ્રારંભ ઘણો જ પ્રાચીન છે. એનું મૂળ વેદ છે. ઋગ્વેદના મંત્રોમાં નિર્દિષ્ટ અશ્વિનકુમારો દેવતાઓના વૈદ્યો છે. તેમણે કરેલી ચિકિત્સાના અત્રતત્ર ઉલ્લેખો જોવા મળે છે. એમણે કરેલ શસ્ત્રક્રિયાઓનું વર્ણન પણ ધ્યાન ખેંચે તેવું છે. આ અશ્વિનોએ ચ્યવનઋષિનું વૃદ્ધત્વ દૂર કરીને નવયૌવન પ્રદાન કર્યું હતું. રાજા ખેલની પત્ની વિશ્પલાનો પગ યુદ્ધમાં કપાયો જેને તેઓએ લોખંડની જંઘાથી જોડી આપ્યો હતો. વળી, અહીં વેદમાં અનેક આયુષ્ય-પ્રાપ્તિની પ્રાર્થનાઓ છે. વિવિધ રોગોનો અને રોગનિવારણના ઉપાયો તરીકેનાં ઔષધોનો નામતઃ સંકેત છે. અથર્વવેદમાં શરીર વિજ્ઞાનને લગતા સિદ્ધાંતોનું વર્ણન છે.

વળી, વિવિધ રોગોને દૂર કરવાની ચિકિત્સાનું પણ અહીં વિસ્તારપૂર્વક વર્ણન છે. આથી જ આયુર્વેદ અથર્વવેદનો ઉપવેદ છે, એમ પણ મનાય છે. (**इह खलु आयुर्वेदं नामोपाङ्गमथर्ववेदस्य।** - सुश्रुत सू. 1.60)

વેદકાળમાં સાંકેતિક રીતે પ્રારંભ થયેલી આયુર્વેદની આ પરંપરા ઉત્તરોત્તર નિરંતર વિકાસ પામતી રહી છે. આજે તો આયુર્વેદના અનેક સ્વતંત્ર ગ્રંથો ઉપલબ્ધ છે.

આયુર્વેદના આ ગ્રંથોમાં ચરકસંહિતા, સુશ્રુતસંહિતા અને કાશ્યપસંહિતા - એ ત્રણ મહત્ત્વના ગ્રંથો છે. અહીં ગ્રંથના આરંભમાં આયુર્વેદશાસ્ત્રના ઉદયની કથા રોચક રીતે વર્ણવાઈ છે. તે અનુસાર આ શાસ્ત્રના પ્રવર્તક સ્વયં બ્રહ્મા છે. તેમની પાસેથી આ જ્ઞાન અશ્વિનકુમારોએ પ્રાપ્ત કર્યું અને એમના દ્વારા ઇન્દ્ર પાસે પહોંચ્યું. ઇન્દ્ર પાસેથી મહર્ષિ ભારદ્વાજ પાસે અને તેમની પાસેથી આખાય ભારતવર્ષમાં પ્રચાર-પ્રસાર પામ્યું છે.

બીજા એક મત પ્રમાણે આ આયુર્વેદશાસ્ત્રને ઇન્દ્ર પાસેથી મહર્ષિઓ ધરતી ઉપર લઈ આવ્યા છે. એ પછી ભારદ્વાજ, ધન્વંતરિ અને કાશ્યપ - એ ત્રણ ઋષિઓ આયુર્વેદની ત્રણ શાખાઓના પ્રવર્તક છે, એમ મનાયું છે. તેમાં ભારદ્વાજ કાયચિકિત્સાના પ્રવર્તક છે અને એ પરંપરાનો આદિમ ગ્રંથ चरकसंहिता છે. ધન્વંતરિ શલ્યચિકિત્સા (સર્જરી)ના પ્રવર્તક છે અને એ પરંપરાનો સર્વોત્તમ ગ્રંથ सुश्रुतसंहिता છે. એ પછી જે કાશ્યપ ઋષિ છે, તે બાલચિકિત્સા(कौमारभृत्य – આજે જેને પીડીયાટ્રિક્સ કહે છે)ના પ્રવર્તક આચાર્ય છે. काश्यपसंहिता આ પરંપરાનો શ્રેષ્ઠ ગ્રંથ છે.

આયુર્વેદ અષ્ટાંગ શાસ્ત્ર છે. તેનાં આઠ અંગો આ પ્રમાણે છે :

(1) શલ્યતંત્ર (આજે જેને સર્જરી તરીકે ઓળખવામાં આવે છે.)

(2) શાલાક્ય (શલાકા વડે કરવામાં આવતી ચિકિત્સા આજના ENT સાથે સરખાવી શકાય.)

(3) કાયચિકિત્સા-શરીરની ચિકિત્સા - (આજનું General Medicine)

(4) ભૂતવિદ્યા-અમાનવીય-અતિમાનવીય તત્ત્વોથી બચાવ

(5) બાલચિકિત્સા - कौमारभृत्य (આજનું પીડિયાટ્રિક્સ)

(6) વિષતંત્ર - (अगदतंत्र) (જુદા જુદા પ્રકારનાં વિષ અને તેનાથી બચાવનું શાસ્ત્ર)

(7) રસાયણતંત્ર - (રાસાયણિક ઔષધો અને તેના ઉપયોગો.)

(8) વાજીકરણ - (શક્તિપ્રાપ્તિના ઉપાયો)

આ બધાં જ અંગો ઉપર અલગ અલગ આચાર્યોએ સ્વતંત્ર ગ્રંથોની રચના કરેલી છે. અનેક ગ્રંથો આયુર્વેદને અનુલક્ષીને સમયે સમયે રચાયા છે, જેમાંના કેટલાક ગ્રંથો તથા આચાર્યોનાં નામ અવિસ્મરણીય છે. જેમ કે -

**महर्षि चरक**

મહર્ષિ ચરકના વ્યક્તિગત જીવનને લગતી કોઈ ખાસ માહિતી મળતી નથી. એમના સમયની બાબતમાં પણ અનેક મત-મતાંતર છે. એમ કહેવાય છે કે તેઓ કનિષ્કના રાજવૈદ્ય હતા અને તે ઈ. સ.ની બીજી સદી પહેલાં થઈ ગયા છે.

મહર્ષિ ચરક વિરચિત ગ્રંથનું નામ चरकसंहिता છે. આ મુખ્યત્વે કાયચિકિત્સાનો આકર ગ્રંથ છે. આમાં ચિકિત્સા અંગેનું વિસ્તૃત વર્ણન છે. (સરખાવો - चरकस्तु चिकित्सितेन। ચિકિત્સાના વિષયમાં તો ચરક નામનો ગ્રંથ છે - એવી પ્રસિદ્ધ જનોક્તિ.) કેટલાક વિદ્વાનોના મતે આ ચરકસંહિતા ચિકિત્સાશાસ્ત્ર અને આયુર્વેદ વિજ્ઞાનનો વિશ્વકોશ છે. આમાં આયુર્વેદ શાસ્ત્રનાં મૌલિક તથ્યો તથા સિદ્ધાંતોનું બહુ જ ગંભીરતાપૂર્વક વિવેચન છે.

આ ચરકસંહિતામાં તત્કાલીન ભારતીય જીવનનું પણ વર્ણન છે. માણસોની રહેણીકરણી, વિવાહ, વૈવાહિકજીવન, સંતતિ વગેરે વિષયો ઉપરના વિચારો તથા તે સમયના आतुरालय (હૉસ્પિટલ) તથા તેમાં વપરાતાં સાધનોની ચર્ચા છે.

### आचार्य सुश्रुत

ચરકની જેમ આચાર્ય સુશ્રુતના જીવનને લગતી વ્યક્તિગત બાબતો જાણમાં નથી. પરંતુ સુશ્રુતસંહિતાના રચયિતા તરીકે એમની પ્રસિદ્ધિ છે. આચાર્ય પાણિનિ અને પતંજલિ જેવા વૈયાકરણોના ગ્રંથોમાં પણ સુશ્રુતનો ઉલ્લેખ મળે છે. તેથી ઘણા વિદ્વાનો સુશ્રુતને પણ ઈ. સ. પૂર્વે સાતમી શતાબ્દી પહેલાંના માને છે.

સુશ્રુતસંહિતા પણ આયુર્વેદના મૂળભૂત ગ્રંથોમાંનો એક છે. આ ગ્રંથ પાંચ ભાગોમાં વિભક્ત છે. જેમ કે - 1. सूत्रस्थानम् 2. निदानस्थानम् 3. शारीरस्थानम् 4. चिकित्सास्थानम् અને 5. कल्पस्थानम्. આ પાંચ સ્થાનોમાં મળીને કુલ 120 અધ્યાય છે. આમાં શલ્યશાસ્ત્ર (શસ્ત્રક્રિયા)નું વર્ણન છે. ઘા(વ્રણ)ના પ્રકારો, તેમાં સડો ન થઈ જાય તે માટેના ઉપાયો, ઘાને રુઝવવાના તથા સીવી લેવાના ઉપાયો, દૂષિત લોહી ચૂસી લેવા માટે જળો જેવા પ્રાણીના ઉપયોગની પ્રક્રિયા વગેરે બાબતોનું ખૂબ જ આકર્ષક આલેખન છે. આ ઉપરાંત આ સુશ્રુતસંહિતામાં શરીરના જુદા જુદા અવયવોનું સૂક્ષ્મતાથી વર્ણન કરેલું છે.

આયુર્વેદસાહિત્યમાં માન્યતા છે તેમ ચરકસંહિતા અને સુશ્રુતસંહિતા બંને એકબીજાના પૂરક ગ્રંથ છે. એક કાયચિકિત્સા-(Medicine)નો તો બીજો શલ્યચિકિત્સા (Surgery)નો ગ્રંથ છે. સમયાંતરે જે અન્ય આયુર્વેદીય ગ્રંથો રચાયા તેમના ઉપર આ બંને ગ્રંથોનો ભારે પ્રભાવ છે.

આ ઉપરાંત અન્ય આયુર્વેદ શાસ્ત્રીય સાહિત્યમાં નોંધપાત્ર ગ્રંથો આ પ્રમાણે છે :

1. अष्टाङ्गहृदयम् નામના ગ્રંથના રચયિતા વાગ્ભટ્ટ છે. તેઓ ઈ. સ.ની પાંચમી કે છઠ્ઠી શતાબ્દીમાં થઈ ગયા છે.

2. माधवनिदानम् નામના ગ્રંથના કર્તા માધવકર છે. તેમનો સ્થિતિકાળ ઈ. સ.ની સાતમી શતાબ્દી છે.

3. शार्ङ्गधरसंहिता નામના ગ્રંથના રચયિતા શાર્ङ્ગધર છે. તેઓ ઈ. સ.ની તેરમી સદીમાં થઈ ગયા છે.

4. भावप्रकाशः નામના એક આચાર્યે ભાવપ્રકાશનિઘંટુ નામે એક ગ્રંથ રચ્યો છે. તેઓ ઈ. સ.ની 16મી શતાબ્દીમાં થયા છે.

ગુજરાતમાં આયુર્વેદ શાસ્ત્રના ગ્રંથોનું અધ્યયન-અધ્યાપન તથા સંશોધન-પ્રકાશન ઘણા પ્રાચીન કાળથી થતું રહ્યું છે. આ પરંપરામાં જેમનું નામ આગળ પડતું છે, તે છે આચાર્ય જાદવજી ત્રિકમજી. તેઓ વિ. સં. 1939માં પોરબંદરમાં જન્મ્યા હતા. તેમના પિતાશ્રી ત્રિકમજી રાજવૈદ્ય હતા. તેમની પાસેથી તેઓએ આયુર્વેદના ગ્રંથોનું અધ્યયન કર્યું. એ પછી મુંબઈને તેમણે કર્મક્ષેત્ર બનાવ્યું. અહીં રહીને તેમણે ચિકિત્સા કાર્ય કરવાની સાથે સાથે આયુર્વેદના અનેક ગ્રંથોનું સંપાદન, સંશોધન અને અનુવાદ કાર્ય કરીને આયુર્વેદના સર્વાંગીણ વિકાસનો માર્ગ પ્રશસ્ત કર્યો. માધવનિદાન ઉપરની મધુકોશ નામની વ્યાખ્યાનું સંશોધન, રસહૃદયતંત્ર, નાડીપરીક્ષા, રસપદ્ધતિ જેવા ગ્રંથોનું સંપાદન અને ચરકસંહિતા - સુશ્રુતસંહિતા જેવા મૂલ્યવાન ગ્રંથોનું સંશોધન સહ સંપાદન કરીને આયુર્વેદની અધ્યયન - અધ્યાપન - પરંપરામાં અપૂર્વ પ્રદાન કર્યું છે.

### ( आ ) ખગોળશાસ્ત્ર

ખગોળશાસ્ત્રની પરંપરાનો આરંભ પણ વેદકાળ જેટલો જ પ્રાચીન છે. ખગોળ વિષયક અનેક તથ્યોનું વર્ણન વેદોમાં પ્રસંગોપાત્ત જોવા મળે છે. વેદના સમયની સંસ્કૃતિ યજ્ઞપ્રધાન હતી. યજ્ઞ સંપન્ન કરવા માટેના ઉચિત સમયનો નિશ્ચય કરવા અંગે ગંભીર વિચારણા થતી. આ પ્રસંગે ખગોળશાસ્ત્રીય સિદ્ધાંતોનો પ્રયોગ થતો. આજે પણ એ સમયના સ્વીકૃત રખાયેલા સિદ્ધાંતોનું વર્ણન કરનારા ગ્રંથો ઉપલબ્ધ છે.

આમ, તો ज्योतिषને વેદનું અંગ માનવામાં આવે છે. આ જ્યોતિષશાસ્ત્રની અંતર્ગત ખગોળશાસ્ત્રનો સમાવેશ થાય છે. સૂર્ય, ચંદ્ર, ગ્રહો, તારાઓ વગેરેનું ઝીણવટભર્યું વર્ણન તથા તેમની ગતિ વગેરેને લગતા વિચારની પરંપરા છેક વેદથી શરૂ થાય છે. ઋગ્વેદમાં સત્તાવીસ નક્ષત્રોનો તથા સપ્તર્ષિના તારાઓ અને ગ્રહોનો પણ ઉલ્લેખ છે. યજુર્વેદમાં નક્ષત્રોનું વર્ણન છે. નક્ષત્રતારાઓમાં રોહિણી ઉપર ચંદ્રની અતિશય પ્રીતિ વિષે તૈત્તિરીયસંહિતામાં એક મોટી કથા છે. આશ્વલાયન સૂત્રમાં ધ્રુવ અને અરુંધતીનો ઉલ્લેખ છે. મહાભારતમાં ગ્રહો, ધૂમકેતુ અને તારાઓનું વર્ણન ઠેકઠેકાણે છે. યાજ્ઞવલ્ક્યસ્મૃતિમાં નક્ષત્રવીથિઓ આવેલી છે.

કાળક્રમે ખગોળશાસ્ત્રીય વિચારણા વધુ ને વધુ સ્પષ્ટ બનતી જોવા મળે છે. વેદ-વેદાંગ-સાહિત્ય પછી આ ખગોળશાસ્ત્રની પરંપરા આર્યભટ્ટ, ભાસ્કરાચાર્ય, વરાહમિહિર વગેરે ખ્યાતનામ વિદ્વાનોએ આગળ વધારી છે. તેમણે નિર્ધારિત કરેલા ખગોળ વિષયક સિદ્ધાંતો વિશ્વવિખ્યાત છે. આમાં વરાહમિહિર મુખ્ય છે.

**વરાહમિહિર**

વરાહમિહિર ખગોળવિદ્યાના અત્યંત પ્રતિભાશાળી આચાર્ય છે. એમણે पञ्चसिद्धान्तिका, बृहज्जातकની સાથે સાથે बृहत्संहिता નામક ત્રણ ગ્રંથોની રચના કરી છે. પંચસિદ્ધાંતિકા ગ્રંથમાં વેદાંગ જ્યોતિષથી લઈ વરાહમિહિર સુધીની એક લાંબી પરંપરાનો પરિચય કરાવવામાં આવ્યો છે. વરાહમિહિર ખગોળવિદ હોવાની સાથે જ્યોતિષી પણ હતા. તેઓ પોતાના સ્વતંત્ર સિદ્ધાંત રચી શકવાની ક્ષમતા ધરાવતા હોવા છતાં તેમ ન કરીને પોતાના સમયના પ્રચલિત સિદ્ધાંતોનો પોતાના ગ્રંથોમાં સંગ્રહ કર્યો છે. એથી એ સિદ્ધાંતો આજે આપણા સુધી પહોંચી શક્યા છે. બૃહત્સંહિતા એક આકર ગ્રંથ છે. તેમાં ભારતીય ધર્મવિજ્ઞાન, મૂર્તિશાસ્ત્ર અને ધાર્મિક સ્થાપત્યને લગતી ઘણી બાબતો ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

વરાહમિહિર અવંતી (ઉજ્જયિની)ના નિવાસી હતા, એમ મનાય છે. તેમનો જીવનકાળ ઈ. સ.ની છઠ્ઠી શતાબ્દિનો પૂર્વાર્ધ છે. એમના પિતાનું નામ આદિત્યદાસ હતું અને તેઓ એમના વિદ્યાગુરુ પણ હતા. એમ કહેવાય છે કે વરાહમિહિર ભગવાન સૂર્યના અનન્ય ભક્ત હતા. સૂર્યને પ્રસન્ન કરીને તેમણે ખગોળશાસ્ત્રીય જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. એમનો પૃથુયશસ્ નામે એક પુત્ર હતો. તેણે षट्पंचाशिका નામનો ગ્રંથ રચ્યો છે. આજે ખગોળશાસ્ત્રીય ગ્રંથોમાં તેની પણ ઘણી પ્રસિદ્ધિ છે.

•